પ્રકરણ 9

કુટુંબ અને સમુદાય

પ્રેમ અને ધર્મ પારિવારિક જીવનનાં ફૂલ અને ફળ છે.

- તિરુવલ્લુવર

મહત્ત્વપૂર્ણ પ્રશ્નો

1. *કુટુંબ એકમ શા માટે મહત્ત્વનો છે ?*
2. *સમુદાય એટલે શું અને તેની ભૂમિકા શું છે ?*

P4I6C6

કુટુંબ

આપણે બધા એક જ પરિવારમાં રહીએ છીએ. કુટુંબ કોઈપણ સમાજનો સૌથી પ્રાચીન એકમ છે. આજે ભારતીય સમાજમાં અનેક પ્રકારનાં કુટુંબો જોવા મળે છે — સંયુક્ત કુટુંબ અને વિભક્ત કુટુંબ. સંયુક્ત કુટુંબમાં ઘણીબધી પેઢીઓ સાથે રહેતી હોય છે - જેમ કે દાદા-દાદી, માતા-પિતા, કાકા અને કાકી, ભાઈઓ, બહેનો અને પિતરાઈઓ.



સંયુક્ત કુટુંબનાં ઉદાહરણો





નાના પરિવારોનાં ઉદાહરણો

બીજી બાજુ એક વિભક્ત કુટુંબ કે જેમાં એક દંપતિ અને તેમનાં બાળકો સુધી સીમિત હોય છે. કેટલીકવાર આવા કુટુંબમાં એક માતા અથવા પિતા તેમનાં બાળકો સુધી મર્યાદિત થઈ જતાં હોય છે.

ચાલો, શોધીએ



→ તમારી આસપાસ તમને કેવા પ્રકારનાં કુટુંબો જોવા મળે છે ? તેની યાદી બનાવો.

→ કયા પ્રકારના કુટુંબોની સંખ્યા વધારે લાગે છે ? તમને લાગે છે કે આવું કેમ ?

→ તમારા મિત્રો સાથે મેળવેલી માહિતીની ચર્ચા વર્ગખંડમાં કરો.

અંગ્રેજીમાં કૌટુંબિક સંબંધોનું વર્ણન કરવા માટે મર્યાદિત શબ્દો છે; ભારતીય ભાષાઓમાં તેમનાં ઘણાં નામ છે. દા.ત., હિન્દીમાં બુઆ, તાઉ, તાઇ, ચાચા, મૌસી, નાના, નાની અને બીજા ઘણાં બધાં છે. આ સંબધોને આપણે ગુજરાતીમાં કયા નામથી બોલાવીએ છીએ તેની યાદી બનાવો. તમિલ જેવી કેટલીક ભાષાઓમાં મોટા ભાઈ / બહેન અથવા નાના ભાઈ/બહેન માટે પણ અલગ અલગ શબ્દો છે. પરંતુ ભારતીય ભાષામાં 'પિતરાઈ ભાઈ' માટેનો શબ્દ શું છે ? મોટાભાગે ભારતીય ભાષાઓમાં, તમે જોશો કે આવો કોઈ શબ્દ નથી ! એનું કારણ એ છે કે પિતરાઈઓનો અર્થ ફક્ત 'ભાઈ' અને 'બહેનો' થાય છે. આ કુટુંબનાં બધાં બાળકો વચ્ચેના સંબધને ગાઢ બનાવે છે.

ચાલો, શોધીએ



→ તમારા પરિવારના તમામ સંબધીઓનો સમાવેશ કરીને સભ્યોની યાદી બનાવો, તમારી માતૃભાષા અથવા પ્રાદેશિક ભાષામાં તેમના માટે વપરાતો શબ્દો લખો અને અંગ્રેજીમાં સમકક્ષ શબ્દો શોધવાનો પ્રયાસ કરો. અહીં ગુજરાતી માટે બે ઉદાહરણો છે.

નામ	ગુજરાતી શબ્દ	અંગ્રેજીમાં વર્ણન / શબ્દ
રાની	બહેન	Mother's brother's daughter (cousin) (among other possible meanigs)
સમીર	કાકા	Father's younger brother (uncle)

→ તમે જોશો કે મોટે ભાગે તમારી માતૃભાષા અથવા પ્રાદેશિક ભાષામાં એક જ શબ્દને ચોક્કસ વ્યાખ્યા આપવા માટે અંગ્રેજીમાં ઘણા શબ્દોની જરૂર પડે છે.

ભૂમિકાઓ અને જવાબદારીઓ

કુટુંબના સભ્યો વચ્ચેના સંબંધો પરસ્પર પ્રેમ, કાળજી, સહકાર અને પરસ્પર નિર્ભરતા પર આધારિત હોય છે. 'સહકાર'નો અર્થ થાય છે 'સાથે મળીને કામ કરવું.' પરિવારના દરેક સભ્યની અન્ય સભ્યો પ્રત્યેની ભૂમિકા અને જવાબદારી હોય છે. જેમ કે, માતા-પિતા પર તેમનાં બાળકોને ઉછેરવાની જવાબદારી છે. જેથી તેઓ સુખી વ્યક્તિઓ અને સમાજના જવાબદાર સભ્યો બની શકે. પરંતુ જેમ જેમ બાળકો મોટાં થાય છે, તેમ તેમ તેઓ પરિવારના અન્ય સભ્યોને મદદ કરવા માટે ઘરની વધુ જવાબદારીઓ ઉપાડે છે. પછી તે માતાપિતા, બહેન કે ભાઈ વગેરે કોઈપણ હોય. રોજિંદા અભ્યાસ દ્વારા બાળકો કૌટુંબિક જીવનમાં ભાગીદાર બનવાનું શીખે છે. ઘણા ઘરોમાં બાળકો તેમના પરિવાર દ્વારા પેઢીઓથી અનુસરવામાં આવતી કેટલીક પરંપરાઓ અને રૂઢિઓ પણ શીખી લે છે.

ચાલો, શોધીએ



નીચે આપેલ પ્રશ્નોના જવાબ આપીને તમારા મિત્રોના જવાબની સાથે સરખાવો :

→ તમારા કુટુંબમાં કોણ નક્કી કરે છે કે બજારમાંથી શું ખરીદવાનું છે ?

→ તમારા ઘરમાં ભોજન કોણ બનાવે છે ?

→ તમારા કુટુંબમાં સૌથી વયસ્ક વ્યક્તિ કોણ છે ?

→ તમારા ઘરમાં કચરા-પોતાં કોણ કરે છે ?

→ તમારા ઘરમાં વાસણો કોણ સાફ કરે છે ?

→ તમારું ગૃહકાર્ય કરવામાં તમને કોણ મદદ કરે છે ?

આપણા ધર્મને અનુસરવો અથવા ફરજોનું પાલન કરવું એ ભારતીય સંસ્કૃતિનો એક મહત્ત્વપૂર્ણ સિદ્ધાંત રહ્યો છે. પરિવાર એ એક 'શાળા' પણ છે. જ્યાં બાળકો અહિંસા, દાન કરવું, સેવા અને ત્યાગ (બલિદાન) જેવાં મહત્ત્વપૂર્ણ મૂલ્યો શીખે છે. કુટુંબની વ્યક્તિઓ ઘણીવાર પરિવારની જરૂરિયાતોનું ધ્યાન રાખવા માટે પોતાની જરૂરિયાતોનો ત્યાગ કરે છે.

ચાલો, આપણે આવી એક વાર્તા જોઈએ.



શાલિની કેરળના એક શહેરમાં તેના પરિવાર સાથે રહે છે. તેના પિતા એક નાનો વેપાર ચલાવે છે અને તેની માતા નજીકની શાળામાં શિક્ષિકા છે. શાલિનીને એક નાનો ભાઈ છે. તેની દાદી અચમ્મા (પિતાનાં માતા), ચિત્તપ્પા (પિતાના ભાઈ અથવા

કાકા) અને ચિત્તી (કાકી અથવા કાકાની પત્ની) તેમની સાથે રહે છે. તેમને એક પુત્રી છે, (શાલિનીની પિતરાઈ બહેન) જેને તે ચિન્ની કહે છે. શાલિનીના કાકા થોડા દિવસ પહેલાં જ તેની નોકરી ગુમાવી ચૂક્યા છે અને તેની કાકી ગૃહિણી છે. આખો પરિવાર ઓણમના તહેવારની તૈયારી કરી રહ્યો હતો. અચમ્માએ શાલિનીના પિતાને કહ્યું કે તેનો ભાઈ આર્થિક મુશ્કેલીઓનો સામનો કરી રહ્યો છે. તેથી તેઓ તહેવાર માટે નવાં કપડાંની ખરીદી કરી શકશે નહિ. જ્યારે શાલિનીના માતા-પિતા તેને અને તેના ભાઈને ખરીદી કરવા લઈ ગયા ત્યારે તેમણે માત્ર પોતાના માટે જ નહીં પણ ચિત્તપ્પા, ચિત્તી અને ચિન્ની માટે પણ નવાં કપડાં ખરીદ્યાં હતાં. શાલિનીને એક એવો સિલ્કનો ડ્રેસ જોઈતો હતો પણ તેવો ડ્રેસ ન મળ્યો તેને એક સુતરાઉ ડ્રેસ લેવો પડ્યો. અચમ્માએ શાલિનીને સમજાવ્યું કે પરિવારમાં દરેક વ્યક્તિ એક બીજાને મદદ કરે છે. અને તેમની પાસે જે છે તે એકબીજાને વહેંચે છે. આ જાણીને શાલિનીને હવે તેના મનપસંદ કપડાં ન મળ્યાં તેનું ખરાબ લાગ્યુ નહીં પણ તે ખુશ થઈ ગઈ કેમ કે ઘરનાં બધાં સભ્યોને નવાં કપડાં મળ્યાં.



ચાલો, શોધીએ



- → સાત સભ્યોના કુટુંબનું વૃક્ષ દોરો.
- → શાલિનીનાં માતા-પિતાએ બધાં માટે કપડાં કેમ ખરીદ્યાં? વિચારો.
- → જો તમે શાલિનીની જગ્યાએ હોત તો શું કર્યુ હોત?

આ વાર્તા કેરળની છે. ચાલો, હવે આપણે દૂર પૂર્વોત્તરમાં આવેલા મેઘાલયના એક ગામમાં જઈએ.

મારું નામ તેનઝિંગ છે. હું જ્યાં રહું છું ત્યાં ભલે જીવન મુશ્કેલીભર્યું હોય પણ ત્યાંના પર્વતો મને ખૂબ ગમે છે. મારા પિતા એક નાની કરિયાણાની દુકાન ચલાવે છે. મારી માતા એક સ્થાનિક હસ્તકલા સહકારી મંડળીમાં (ત્યાં પ્રવાસીઓને વેચવા માટે સુંદર પરંપરાગત કપડાં, લાકડાની કોતરણીવાળી વસ્તુઓ બનાવવામાં આવે છે) કામ કરે છે.





જેના કારણે મારા પિતા ઘરની સફાઈ, શાકભાજીના બગીચાની સફાઈ અને ઘરનાં અન્ય કામોમાં મદદ કરે છે. ક્યારેક તો અમારા બધા માટે ભોજન બનાવવામાં દાદીને પણ મદદ કરે છે.

દાદીમા પાસે હંમેશાં રસપ્રદ વાર્તાઓ હોય છે, જેમાં રમૂજ અને ડહાપણની વાતો હોય છે. લોકોને વધુ સારી રીતે કદાચ એમના કરતાં કોઈ સમજતું નહીં હોય તેવું લાગે છે. દાદા મને મારા ગૃહકાર્યમાં મદદ કરે છે અને મને સ્કૂલ બસ સ્ટોપ પર લઈ જાય છે. તે અમારા ફળિયામાં સામાજિક કાર્યમાં પણ સક્રિયપણે સામેલ હોય છે અને હંમેશાં અન્ય લોકોને મદદ કરવા તૈયાર હોય છે. ઉદાહરણ તરીકે જ્યારે અમારા વિસ્તારમાં વીજ પુરવઠો ખોરવાઈ જતા તે નજીકની ઑફિસમાં જઈને ફરિયાદ નોંધાવે છે. જ્યારે વાવાઝોડાથી અમારા પડોશીઓનાં ઘરને નુકસાન થયું, ત્યારે તેમણે સમારકામમાં સહાય કરવા આસપાસના પરિવારો પાસેથી ઘણાં નાણાં એકઠાં કર્યાં હતાં.

અમે ભાગ્યશાળી છીએ કે મારાં માતા-પિતા ખોરાક અને કપડાં જેવી જરૂરિયાતો પૂરી પાડે છે. જ્યારે કોઈ વિશેષ ખર્ચ આવે છે, ત્યારે મેં ઘણી વાર જોયું છે કે તેઓ એકબીજાની સાથે મળીને ચર્ચા કરે છે. માતા કહે છે કે ભવિષ્યમાં ઊભા થનાર કોઈપણ અણધાર્યા ખર્ચ માટે આપણે હંમેશાં નાણાં બચાવવાનો પ્રયત્ન કરવો જોઈએ.

ચાલો, વિચારીએ

- તેનઝિંગના પિતા વિશેષ ખર્ચ અંગે તેમની પત્ની સાથે ચર્ચા કેમ કરે છે ?
- તેનઝિંગના પિતા ઘરકામમાં મદદ કરે છે તે વિશે તમે શું માનો છો ?
- દાદા-દાદી કઈ ભૂમિકાઓ નિભાવે છે ?

ચાલો, શોધીએ



- → ભારતના કોઈ એક એવા કુટુંબની વાર્તા બનાવો કે જેમાં કૌટુંબિક મૂલ્યો શીખવવામાં આવતા હોય તેને લખીને અથવા ચિત્ર દોરીને વર્ગ સમક્ષ રજૂ કરો.
- → તમારા વર્ગના બધા મિત્રો સાથે મળીને બે કે ત્રણ પરિવારો પર એક નાનું નાટક ભજવો આ નાટક ભજવતી વખતે તેમાં આ પરિવારો તેમની સમસ્યાઓનો ઉકેલ કેવી રીતે લાવે છે તે રજૂ કરો.
- → શાલિની અને તેનઝિંગની વાર્તાઓમાં આપણે સંયુક્ત કુટુંબનાં ઉદાહરણો જોયાં તે પરથી તમને શું લાગે છે કે આધુનિક જીવનનાં એવાં કયાં પાસાં છે, કે જે કેટલાંક દંપતિઓ આજે વિભક્ત કુટુંબને શા માટે અપનાવે છે ?

સમુદાય

પરિવારો માત્ર પોતાની અંદર જ નહીં, પરંતુ અન્ય પરિવારો અને તેમની આસપાસના લોકો સાથે પણ જોડાયેલા હોય છે. આ રીતે જોડાયેલા લોકોના આવા જૂથને 'સમુદાય' કહે છે. (જુદા જુદા સંદર્ભના આધારે 'સમુદાય' માટે અન્ય અર્થો પણ છે). સમુદાયના સભ્યો વિવિધ કારણોસર ભેગા થાય છે, જેમ કે તહેવારોની ઉજવણી, મેળા, લગ્ન અને અન્ય પ્રસંગોના આયોજન માટે. કેટલાંક ગામોમાં લોકો જમીન ખેડવા, વાવણી અને લણણી જેવાં ખેતીનાં કામોમાં એકબીજાને મદદ કરવા માટે ભેગા થાય છે. સમય જતાં સમુદાયો કુદરતી સંપત્તિ અને સંસાધનો જેવા કે પાણી, ગોચર અને વન પેદાશોના ઉપયોગ કરવા માટે સંમત થતા હતા. ઘણા જનજાતિ સમુદાયોની બાબતમાં આવું જોવા મળે છે. અમુક અંશે આજે પણ ગ્રામીણ ભારતના સમુદાયોમાં આવું જ જોવા મળે છે આપણે તેને 'નિયમો' કહી શકીએ; જો કે તે ભાગ્યે જ ક્યાંક લેખિત સ્વરૂપમાં હોય છે – સમુદાયોને સંસાધનોની સુરક્ષિત સુલભતા પૂરી પાડે છે. પરંતુ સમુદાયના બધા જ કુટુંબ અને

પરિવારનું વિશિષ્ટ કર્તવ્ય છે કે તેનો ઉપયોગ યોગ્ય રીતે થાય નહીં તો સમુદાય યોગ્ય રીતે કાર્ય કરી શકશે નહીં.

ચૂકશો નહીં

- છેલ્લા કેટલાંય વર્ષોથી મધ્યપ્રદેશના ઝાબુઆ ગામની આસપાસનો વિસ્તાર પાણીની તીવ્ર અછતનો સામનો કરી રહ્યો હતો. અછત સમયે કોઈપણ વ્યક્તિ કે કુટુંબને મદદ કરવા માટે સાથે મળીને કામ કરવાની પ્રથા *'હલમા'* અનુસાર (જુઓ પાના નં-145) ભીલ સમુદાયે સેંકડો ગામોમાં હજારો વૃક્ષો વાવવાનું નક્કી કર્યું. ભીલોએ વરસાદી પાણીના સંગ્રહ માટે ઘણી ખાઈઓ પણ ખોદી હતી અને વરસાદી પાણીના સંગ્રહ માટે જળ સંગ્રહની વ્યવસ્થા કરી હતી. તેમને આ કામ માટે મહેનતાણું પણ મળ્યું ન હતું, પરંતુ તેમના સમુદાય અને પર્યાવરણ પ્રત્યેની તેમની ફરજ તરીકે તે કામ કર્યું હતું. *હલમા* પરંપરાનો હેતુ ધરતીમાતાની સેવા કરવાનો છે. 2019માં શિવગંગા ચળવળના શ્રી મહેશ શર્માને ભીલ સમુદાયો સાથે કરેલ પરિવર્તનશીલ કાર્ય માટે પદ્મશ્રી એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.
- વર્ષ 2015માં ચેન્નઈમાં આવેલા પૂર દરમિયાન રસ્તાઓ નદીમાં ફેરવાઈ ગયા હતા અને લોકો અવરજવર કરી શકતા ન હતા. લગભગ બધી દુકાનો બંધ કરી દેવામાં આવી હતી અને સેવાઓ ખોરવાઈ ગઈ હતી. ઘણાં ખાનગી જૂથો, ખાસ કરીને આધ્યાત્મિક અને ધાર્મિક સંગઠનોએ મોટા પ્રમાણમાં ભોજન બનાવી જરૂરિયાતમંદોમાં તેનું વિતરણ કર્યું હતું.
- આવાં અનેક ઉદાહરણ છે જ્યાં કોઈપણ પ્રકારના વળતરની અપેક્ષા રાખ્યા વગર સમુદાયના હિત માટે સાથે મળીને કામ કર્યું છે. શું તમે આવા બીજા ઉદાહરણો સાંભળ્યા છે?

ઉપરની વાસ્તવિક જીવનની વાર્તાઓ ગ્રામીણ સંદર્ભમાં સમુદાયનું ઉદાહરણ આપે છે. શહેરી સંદર્ભમાં પણ સમુદાય હાજર હોય છે, જોકે તે થોડી અલગ રીતે કાર્ય કરી શકે છે. ચાલો આપણે અન્ય એક વાસ્તવિક જીવનની વાર્તાનું ઉદાહરણ જોઈએ.



હલમા











આજથી 20 વર્ષ પહેલાં અમદાવાદ (ગુજરાત)ના એક વિસ્તારમાં એક નાનકડા ઓટો-ફેબ્રિકેશન વર્કશોપના માલિક કમલ પરમારે રસ્તા પર ગરીબ બાળકોનું એક જૂથ જોયું. તેમાંથી કેટલાકે શાળા છોડી દીધી હતી, તો કેટલાક ક્યારેય શાળાએ પણ ગયા ન હતાં. કમલભાઈ તેમના નિયમિત કામના કલાકો પછી દરરોજ સાંજે 5:30થી રાતના 9:30 વાગ્યા સુધી તેમને ભણાવવાનું શરૂ કર્યું. તેમણે બાળકોને મફતમાં રાત્રિભોજન પણ આપ્યું. ટૂંક સમયમાં જ 150 બાળકો નિયમિત રીતે ભણવા આવવા લાગ્યાં હતાં અને તેમને અભ્યાસમાં ઊંડો રસ પડ્યો !

સ્થાનિક શાળાના કેટલાક શિક્ષકોએ આ વર્ગો વિશે જાણ્યું અને તેમણે પણ આ બાળકોને શિક્ષણ આપવાનું શરૂ કર્યું. તેમાંથી એકે કહ્યું કે, “આ બાળકોને બેસવા માટે યોગ્ય પાટલીઓ નથી, તેમની પાસે કોઈ શાંત જગ્યા કે વર્ગખંડો નથી અને ત્યાંથી પસાર થતાં વાહનોનો ખૂબ ઘોંઘાટ થાય છે, તેમ છતાં આ બાળકોનું તમામ ધ્યાન શિક્ષકો ભણાવે તેના પર હોય છે. આ વાત મારા હૃદયને સ્પર્શી ગઈ. મને તેમના તરફથી જે પ્રેમ અને આદર મળ્યો તે અવિશ્વસનીય છે.” કેટલાંક મોટાં બાળકો કે જેઓ શાળાઓમાં નિયમિત ભણતા હતા તેઓ પણ કમલ પરમારના આ વર્ગમાં ભણાવવા માટેના કાર્યક્રમમાં જોડાયા હતા. તેમાંથી એકે કહ્યું, “અમે ત્યાં ભણાવવા ગયા હતા, પણ અમે તેમની પાસેથી ઘણું શીખ્યા.”



- તમારા વર્ગમાં આ વાર્તા પર ચર્ચા કરો આ વાર્તા સમુદાય પરત્વે કયા પ્રકારની મનોવૃત્તિ દર્શાવે છે ?
- કમલ પરમારની આ પહેલમાં કયાં કયાં મૂલ્યો પ્રતિબિંબિત થાય છે ?
- વંચિત જૂથનાં બાળકો વિશે વિચારો ? શું તમને લાગે છે કે સમાજે તેમની સાથે અન્યાય કર્યો છે ?

- બધાં બાળકોને શિક્ષણ સરળતાથી મળે તે માટે સમાજે શું કરવું જોઈએ.

છેલ્લાં 30 કે 40 વર્ષમાં નવા પ્રકારના સમુદાયો રચાયા છે. અમુક શહેરી વિસ્તારોમાં નિવાસીઓ માટેનાં કલ્યાણ સંગઠનો એ આવા સમુદાયોનાં ઉદાહરણો છે, જે તેમના પોતાના નિયમો અને કાયદા બનાવે છે. તે કચરાના વ્યવસ્થાપન, સામાન્ય વિસ્તારોની સ્વચ્છતા, પાલતુ પ્રાણીઓની સંભાળ લેવી અને અન્ય બાબતો હોઈ શકે છે. આ સમુદાયમાં રહેતા લોકો આવા નિયમો અને કાયદા બનાવવામાં ભાગ લે છે.

સમુદાયો આખરે એકબીજા પર આધારિત હોય છે. ઉદાહરણ તરીકે આ જ રહેવાસી કલ્યાણ સંગઠનો પુરવઠા માટે વેપારી સમુદાય પર અને કચરાના નિકાલ માટે મ્યુનિસિપલ કામદારો પર પણ આધારિત રહેશે. આપણા જટિલ સમાજોમાં દરેક વ્યક્તિ અન્ય ઘણાં લોકો અને સમુદાયો પર આધાર રાખે છે.



ચાલો, શોધીએ



તમારા પરિવારની બહારના એવા લોકોની યાદી બનાવો કે જેઓ એક કે બીજી રીતે તમને મદદ કરે છે.

હવે આપણે ‘સમુદાય’ને સરળ શબ્દમાં સમજવા તેના થોડાં ઉદાહરણો જોઈએ.

- જાતિ અથવા પેટાજાતિને ઘણી વાર સમુદાય કહેવામાં આવે છે.

- ખાસ કરીને કોઈ એક ચોક્કસ ધર્મ, પ્રદેશ, સમાન કાર્યો અથવા સમાન રસના લોકોના નાના જૂથને સમુદાય કહેવામાં આવે છે. ઉદાહરણ તરીકે 'મુંબઈનો પારસી સમુદાય', 'ચેન્નાઈનો શીખ સમુદાય', 'અમેરિકાનો ભારતીય સમુદાય', 'કેરળનો વૈજ્ઞાનિક સમુદાય', 'આપણી શાળાનો કલા સમુદાય', 'ગામનો ખેડૂત સમુદાય' વગેરે... આ યાદીનો કોઈ અંત નથી!
- તમે પણ તમારી શાળાના વિવિધ સમુદાયોના ભાગ બની શકો છો જેમાં વર્ગ ઉપરાંત શાળાનો કલાત્મક સમુદાય, રમતગમત સમુદાય, રાષ્ટ્રીય સેવા યોજના (NSS-National Service Scheme), રાષ્ટ્રીય કેડેટ કૉર્પ્સ (NCC -National Cadet Corps), વિજ્ઞાન અને નાટક કલબ વગેરે.



ચાલો, શોધીએ

→ તમે કયા પ્રકારનાં સમુદાયનો ભાગ છો ?
→ તમારી શાળામાં કોઈ ક્લબ છે ? તેના તમે સભ્ય છો ? તે કેવી રીતે કાર્ય કરે છે ?



આપણે આગળ વધીએ તે પહેલાં...

→ કુટુંબ એ માનવ સમાજનો પાયો છે. આદર્શ રીતે કુટુંબના સભ્યો તેમની ઘણી બધી ફરજો અને કાર્યોમાં એકબીજાને ટેકો કરે છે.

→ સમુદાય એક મોટો એકમ છે, જેનો અર્થ એ પણ થાય છે કે લોકો એકબીજાને ટેકો આપવા માટે શ્રેષ્ઠ પ્રયાસ કરે છે. 'સમુદાય'ને અનેક રીતે વ્યાખ્યાયિત કરી શકાય છે અને સમુદાયોના ઘણા પ્રકાર છે.

→ છેવટે તો સમુદાયો પરસ્પર અવલંબિત હોય છે.

પ્રશ્નો, પ્રવૃત્તિઓ અને પ્રોજેક્ટ

1. તમારા કુટુંબ અને પડોશમાં તમે કયા નિયમોનું પાલન કરો છો? તે શા માટે મહત્ત્વપૂર્ણ છે ?
2. શું તમને લાગે છે કે કેટલાંક નિયમો કુટુંબ અથવા સમુદાયના કેટલાક લોકો માટે અન્યાયી છે ?
3. સમુદાયના સહયોગથી ફરક પડ્યો હોય તેવી એક પરિસ્થિતિનું વર્ણન કરો. અથવા તેનું ચિત્ર બનાવો.